:-: પ્રેસનોટ :-:

**Sale Tax ના ખોટા ટીન નંબરો રીસ્ટોર કરી ખોટા રીટર્ન અપલોડ કરવાના ષડયંત્રમાં સામેલ સરકારી કર્મચારીઓ સાથે કુલ-૬ ઇસમોની સાયબર સેલ દ્વારા ધરપકડ**

કોમર્શિયલ વિભાગની (Vatis) ઓનલાઇન કામ કરવા અંગેની સિસ્ટમમાં અધિકારી શ્રીઓને ફાળવેલ યુઝર આઇ.ડી (પીન નંબર) તથા ગુપ્ત પાસવર્ડ આપેલ તે યુઝર આઇ.ડી. થી અગાઉ ડિફોલ્ટર ટીન નંબર કે જે રદ્દ કરવામાં આવેલ હતા તે ટીન નંબરોને તા.૨૭/૦૨/૨૦૧૬ તથા તા.૨૮/૦૨/૨૦૧૬ ના રોજ રજાના દિવસોનો લાભ લઈ અમુક પેઢીના માલીકોએ કોઇપણ રીતે સરકારી કચેરીઓને ફાળવેલ આઇપીનો ઉપયોગ કરી યેનકેન પ્રકારે ગેર કાયદેસર રીતે યુઝર આઇ.ડી. તથા પાસવર્ડ મેળવી અગાઉ રદ્દ કરેલ બોગસ કંપનીઓના ટીન નંબરો એકટીવ કરી એકબીજાના મેળાપીપણામાં રહી ગુન્હાહિત કાવતરુ રચી સરકાર શ્રીમાં ખોટી માહિતી રજુ કરી ટીન નંબરોના કંપનીના માલિકોની રીટર્નની વિગત ઓનલાઇન અપલોડ કરી સરકાર શ્રી સાથે છેતરપીંડી કરવાના ઇરાદે સરકાર પાસેથી કુલ્લે વેચાણ પેટેના વેરાનો લાભ રૂ.૫,૫૩,૨૫,૮૧૧/- તથા ખરીદ પેટેના વેરાશાખનો લાભ રૂ.૫,૯૮,૧૩,૬૭૭/-મળી કુલ્લે રૂ.૧૧,૫૧,૩૯,૪૮૮/- મેળવવાના કૌભાંડ આચરવાના હેતુથી ગુન્હો કરેલ હોય જે બાબતે તપાસ થવા સારૂ કોમર્શિયલ ટેક્ષ વિભાગમાં નાયબ વાણિજ્યક વેરા કમિશ્નર તરીકે વર્તુળમાં ફરજ બજાવતા શ્રી એમ.ડી.પટેલ નાઓએ તા.૦૪/૦૩/૨૦૧૬ ફરીયાદ આપતાં ક્રાઇમ બ્રાંચના સંયુકત પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓની સુચનાથી તથા સાયબર ક્રાઇમ સેલના મ.પો.કમિ.શ્રી રાહુલ પટેલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પોલીસ ઇન્સ્પેકટર કે.આઇ.મોદી નાઓએ તપાસ હાથ ધરેલ.

આ ગુનો કરવા માટે આરોપીઓએ અમદાવાદ, રીલીફ રોડ, બચત ભવન ખાતે આવેલ ઘટક-૨૧ માં સીનીયર કલાર્ક તરીકે નોકરી કરતાં રાકેશ કાલીદાસ સોલંકી તથા ભદ્ર, સેવાસદન બીલ્ડીંગમાં આવેલ ઘટક-૧૫ ની કચેરીમાં સહાયક કારકુન તરીકે નોકરી કરતા વૈભવ હિરાભાઇ પાવરા તથા કપડવંજ, જી.ખેડા ખાતે વાણિજિયક વેરા કચેરીમાં સીનીયર કલાર્ક તરીકે નોકરી કરતા ડાહ્યાભાઇ મંગળભાઇ પરમારને ફાળવવામાં આવેલ આઇપીનો ઉપયોગ કરેલ હોઇ વાણિજિયક વેરા કચેરી તરફથી રાકેશ સોલંકી અને વૈભવ પાવરાને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવેલ હતા.

આ ગુનાની તપાસ કરતા વાણિજિયક વેરા કચેરીમાં કામ કરતા અધિકારી/કર્મચારી ઓની મદદ વગર આ ગુનો શકય હોવાનુ જણાતુ ન હોઇ ત્રણેય ઘટક કચેરીઓના કર્મચારીઓની પુછપરછ કરવામાં આવેલ અને જે ત્રણ સરકારી કર્મચારીઓ રાકેશ સોલંકી, વૈભવ પાવરા અને ડાહ્યાભાઇ પરમાર નાઓની પણ પુછપરછ કરવામાં આવેલ પરંતુ તેઓનુ આ ગુનામાં કોઇ ઇન્વોલ્વમેન્ટ જણાઇ આવેલ નહતુ અને જે દિવસે બનાવ બનેલ તે દિવસે તેઓ કચેરી આવેલ નહીં હોવાનુ જણાઇ આવેલ હતુ.

**:-: ગુનો કરવાનો હેતુ :-:**

આ કામે આરોપી આસીફ ફારૂકભાઇ ફારૂકી અને તેના સાગરીતો રીઝવાન સૈયદ અને ઝહિર મીઠાવાલા અને પુષ્પેન્દ્ર કોન્ટ્રાકટર નાઓ સેલ ટેક્ષના ખોટા બીલીંગ બનાવી વેટ ચોરી કરતા હોઇ

આ રીતે તેઓએ બાલમુકુંદ પ્રોટીન્સના માલીક મુકુંદભાઇ ઠકકરનુ કામ સને ૨૦૧૫ માં કરેલ હતુ. જે ખોટા બીલીંગની જાણ વાણિજિયક વેરા કચેરીના ધ્યાન પર આવતા આ લોકોની બનાવટી કંપનીઓના ટીન નંબરો રદ કરી દેવામાં આવેલ. જેના કારણે બાલમુકુંદ પ્રોટીન્સને સેલ ટેક્ષ તરફથી સેલ ટેક્ષનુ રીફંડ મળેલ નહીં અને ૩૩ લાખ રૂપીયા રીઝવાન, ઝહિર અને પુષ્પેન્દ્રને મુકુંદભાઇએ ઠકકરે આપેલ નહીં અને અવાર નવાર ઉઘરાણી કરતા મુકુંદભાઇ ઠકકરે કહેલ કે, "હુ તો જ ૩૩ લાખ રૂપીયા આપુ જો આ બંધ થયેલ કંપનીઓના ટીન નંબર ચાલુ થાય અને મારૂ ગયા વર્ષનુ અને ચાલુ વર્ષનુ પણ રીફંડ મળી રહે અને તેના માટે તમે ગમે તેમ કરો" તેવે મુકુંદ ઠકકરએ જણાવેલ. જેથી આ બંધ થયેલ બનાવટી કંપનીઓના ટીન નંબરો એકટીવ કરવા ફરજીયાત બની ગયેલ હતા.

## :-: ગુનાને અંજામ કેવી રીતે અપાયો :-:

બાલમુકુંદ પ્રોટીન્સ કંપનીને ફાયદો કરી અપાવવા માટે આ ગુનાને અંજામ આપવામાં આવ્યો. જેમાં રદ થયેલ ટીન નંબરો ફરીથી એકટીવ કરવાની સત્તા નાયબ વાણિજિયક વેરા કમિશનર (ડી.સી.) ને જ આપવામાં આવેલ હોઇ આ નાયબ વા.વે.કમિશનર જે લોગીન આઇડી અને પાસવર્ડ વાપરે છે તે મેળવવા પડે.

આ હકિકતથી આરોપીઓ પરીચીત હોઇ જેથી સહેઝાદ શેખ અને આસીફ ફારૂકભાઇ ફારૂકીએ ડી.સી. ના લોગીન આઇડી અને પાસવર્ડ મેળવી લાવવાનુ કામ સીનીયર કલાર્ક અશોકભાઇ દેત્રોજાને આપેલ. અશોકભાઇ દેત્રોજાએ પોતાના ઓળખીતા અને ઇ-ગવર્નન્સ કચેરીમાં કલાર્ક તરીકે નોકરી કરતા મેહુલ મકમપરાને ડી.સી. ના પાસવર્ડ મેળવી આપવાનુ કામ આપેલ. આ મેહુલ મકમપરાએ પોતે અગાઉ ઇ-ગવર્નન્સ કચેરીમાં નોકરી કરેલ હોઇ અને હાલમાં પાસવર્ડ રી-સેટ નુ કામ સંદિપ પંચાલ કરતા હોઇ જેનો પાસવર્ડ પોતાને ખબર હોઇ જે આધારે તેનો પાસવર્ડ ક્રેક કરેલ અને પાંચ ડી.સી. ના પાસવર્ડ રી-સેટ કરવામાં આવેલ અને આ પાસવર્ડ માત્ર સરકારી કચેરીના આઇપી થી જ ઓપરેટ થઈ શકશે તેની જાણકારી આપેલ.

સહેઝાદ શેખએ પોતાના મિત્ર અને વા.વે.કચેરી ઘટક-૧૫ માં જુનીયર કલાર્ક તરીકે નોકરી કરતાં ફઈમ અબ્દુલ સલીમ ખાન ને ઘટક-૨૧ અને ઘટક-૧૫ ની કચેરીમાં મોકલી રદ થયેલ ટીન નંબરો એકટીવ કરાવેલ અને આરોપી આસીફ ફારૂકી એ બાકી રહેલ ટીન નંબરો કપડવંજ કચેરીમાં સીનીયર કલાર્ક તરીકે નોકરી કરતા વિરેન્દ્રસિંહ પરમાર નાઓ મારફતે એકટીવ કરાવેલ.

સદર ગુનાની તપાસ કરતા ગુના કામે વાપરવામાં આવેલ તમામ આઇ.પી. જે કોમ્પ્યુટરોમાં વપરાતાં હતાં તે કોમ્પયુટરો તપાસના કામે કબ્જે કરેલ અને આરોપીઓએ ખોટા ટીન નંબરો એકટીવ કરેલ તેની સાથે ખોટા રીટર્નના પત્રકો પણ ઇન્ટરનેટ કનેક્શન પરથી અપલોડ કરેલ તેની માહિતી વાણીજિયક વેરા કચેરીની ઇ-ગવર્નન્સ બ્રાન્ચમાંથી મંગાવતાં મોટા ભાગના રીટર્ન એક જ ઇન્ટનેટ કનેક્શન દ્વારા અપલોડ થયેલ હોવાની માહિતી હોય અને આ આઇપીની માહિતી મેળવતાં જેમાં આ ઇન્ટરનેટ કનેક્શન ઇસ્લામુદ્દીન આર. શેખ રહે.ગવારાનો મહોલ્લો, રીલીફ રોડ, અમદાવાદ નાઓ વાપરતાં હોવાની માહિતી મળી આવેલ, જેની તપાસ કરતા રદ થયેલ ટીન નંબરો ફરીથી એકટીવ કરવા બાબતે વાણિજિયક વેરા કચેરીઓમાં ઉહાપોહ થયેલ હોઇ જેથી આરોપીઓ પોતાની ઓફિસ બંધ કરી ભાગી ગયેલ હતા. જેથી આ બાબતે તપાસ કરતાં ઇસ્લામુદ્દીન શેખ મળી આવેલ જેને પકડી પુછપરછ કરતાં આ ઇસ્લામુદી શેખ અગાઉ બિલ્ડર હતો અને તે કામ છોડી તેના સાઢુભાઇ સહેઝાદ શેખ સાથે મળી રીટર્નનુ કામકાજ ચાલુ કરેલ અને આ બન્ને જણાઓએ મળી વટવા વિસ્તારમાં રહેતા આસીફ

ફારૂકી, રીઝવાન તથા વડોદરાનો ઝહિર તેમજ ભાવનગરનો તેજશ દેસાઇ ઉર્ફે બાકર તથા પુષ્પેન્દ્ર કોન્ટ્રાકટર નાઓએ મળી આ કંપનીઓના ખોટા પત્રકો ભરેલ હોવાનુ જણાવેલ.

સદર ઇસ્લામુદ્દીનની પુછપરછમાં સેલ ટેક્ષ કચેરી સેવા સદન, ભદ્ર, અમદાવાદ ખાતે સીનીયર કલાર્ક તરીકે નોકરી કરતા ફઇમ અબ્દુલસલીમ ખાન, ઉવ.૩૭, રહેવાસી: મકાન નં.૮, સોહેલ પાર્ક સોસાયટી, નવરંગ સોસાયટી પાસે, ફતેહવાડી, સરખેજ અમદાવાદ નાઓ પણ સામેલ હોવાના પુરાવા મળી આવતા તેને પણ આ ગુનામાં અટક કરવામાં આવેલ, જે બંને આરોપીઓના દિન-૧૦ ના રીમાન્ડ પુરા થતા તેઓને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

તપાસ દરમ્યાન નીચે મુજબના આરોપીઓ મળી આવેલ છે.

(૧) મુકુંદભાઇ મનહરભાઇ ઠક્કર, ઉવ.૪૩, રહેવાસી: ગોકુલ પાર્ક, શીવધારા પ્રોવિઝન સ્ટોરની સામે, કોઠારીયા રોડ, રાજકોટ

(૨) મોહમંદ સહેઝાદ મોહંમદ જહાંગીર શેખ, ઉવ.૩૩, ધંધો: સેલ ટેક્ષ પ્રેકટીશનર, રહેવાસી: ૧૦૮૧, ગવારા મહોલ્લો, ખાદીમ શુઝની બાજુમાં, રીલીફ રોડ, અમદાવાદ શહેર

(૩) આસીફઅલી ફારૂકભાઇ ઉર્ફે બંગાલીબાબુ ફારૂકી, ઉવ.૨૮, રહેવાસી: ૩૪, કુતુબનગર, ગલી નં.૧૨, સીલીકોન વેલી પાછળ, વટવા-ઇસનપુર રોડ, વટવા, અમદાવાદ

(૪) વિરેન્દ્રસિંહ રાયજીસિંહ પરમાર, ઉવ.૩૭, રહેવાસી: ગામ: જુના મુવાળા, પોસ્ટ: દુધાથલ, તા.કપડવંજ, જી.ખેડા

(૫) અશોકકુમાર સોમાભાઇ દેત્રોજા, ઉવ.૪૫, રહેવાસી: ૯૯૭, વિષ્ણુનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ચાંદખેડા, અમદાવાદ

(૬) મેહુલ જયંતીભાઇ મકમપરા ઉવ.૨૬ ધંધો નોકરી રહેવાસી: ૯/૨૭૩, શાસ્ત્રીનગર ગવર્મેન્ટ ક્વાર્ટર્સ, નારણપુરા અમદાવાદ.

જો કોઇ રદ થયેલ ટીન નંબર એકટીવ કરવામાં આવે તો તેનો એસ.એમ.એસ. ઇ-ગવર્નન્સ વિભાગ તરફથી જે તે ડી.સી. ના મો.ફોનમાં મોકલવામાં આવે છે. આ સીસ્ટમ છેલ્લા ત્રણ માસથી ચાલુ કરવામાં આવેલ છે જેથી ઉપરોકત આરોપીઓએ ત્રણ માસ અગાઉ આ રીતે બીજા કોઇ ડી.સી.ના લોગીન આઇડીથી બીજા ટીન નંબરો એકટીવ કરાવેલ છે કે કેમ અને હાલની ૧૪ ડમી કંપનીઓ સીવાય બીજી કેટલી ડમી કંપનીઓ ધરાવે છે તેમજ રીઝવાન સૈયદ, ઝહિર મીઠાવાલા, તેજસ દેસાઇ ઉર્ફે બાકર, પુષ્પેન્દ્ર કોન્ટ્રાકટર નાઓ કયાં છે તે માહિતી શોધી કાઢવા આરોપીઓને રીમાન્ડ પર મેળવી પો.ઇ.શ્રી કે.આઇ.મોદી નાઓએ તપાસ તજવીજ હાથ ધરેલ છે.

**અગાઉ એક સરકારી કર્મચારી અને રીટર્ન અપલોડ કરનારને સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપેલ છે.**